**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયમાંથી લોકોને માસ્ક પહેરવામાંથી મુકિત આપવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્ર અને રાજયના આરોગ્યમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...**

કેન્દ્ર તથા રાજય સરકારની ઉમદા કામગીરીથી વિશ્વ વ્યાપી કોરોના મહામારીમાંથી આપણે સૌ પસાર થઈ ચુકયા છીએ. કોરોનાની પ્રથમ અને બીજી લહેર દરમ્યાન સરકારશ્રી દ્વારા યોગ્ય સમયે લેવાયેલ ત્વરીત નિર્ણયો થકી આજે સમગ્ર દેશમાં કોરોના મહદઅંશે કાબુમાં આવી ગયેલ છે જે સરાહનીય છે. જેની સમગ્ર વિશ્વએ નોંધ લીધેલ છે.

હાલમાં કોરોના મહદઅંશે કાબુમાં આવી જતા એઈમ્સ ન્યુ દિલ્હીના ડાયરેકટરશ્રી ડો. રણદિપ ગુલેરીયાના જણાવ્યા અનુસાર દેશમાં હવે કોરોનાની ત્રીજી લહેર આવવાની શકયતા ખુબ જ ઓછી છે. અને સરકારશ્રીના અથાગ પ્રયત્નોથી અત્યાર સુધીમાં ગુજરાત રાજયમાં મોટાભાગે કોરોનાની રસી અપાય ગયેલ છે. છેલ્લા દોઢેક વર્ષ થયા લોકો માસ્ક પહેરી રહયા છે અને કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરી રહયા છે. પણ હાલની પરીસ્થીતીમાં કોરોનાના કેસો નહિવત હોવાથી આખો દિવસ માસ્ક પહેરી રાખવું એ ફાયદાને બદલે નુકશાનકારક નીવડી શકે છે અને શ્વાસોશ્વાસની ક્રીયામાં તાજી હવા મેળવવામાં મુશ્કેલીરૂપ થતું હોય જેના કારણે અન્ય બીમારીઓ થવાનો પણ ભય રહે છે. તેથી રાજયના તમામ લોકોને માસ્ક પહેરવામાંથી મુકિત આપવી તેમજ માસ્ક ન પહેરવા પર દંડની જોગવાઈ કરવામાં આવેલ છે તેને સંપુર્ણ પણે નાબુદ કરવી જોઈએ.

સરકારશ્રીને યોગ્ય જણાય તો માત્ર રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, એરપોર્ટ તેમજ જાહેર મેળાવડાઓમાં માસ્ક ફરજીયાત રાખવું અને બાકી તમામમાંથી માસ્ક પહેરવા માંથી મુકિત આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા અને રાજયના આરોગ્ય મંત્રીશ્રી ૠશીકેશભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.